# જાહેરાત

સંકલિત બાળ વિકાસ સેવા યોજના (ICDS) અંતર્ગત આઈ.સી.ડી.એસ. શાખા, જીલ્લા પંચાયત, ભાવનગર દ્વારા કાર્યરત ભાવનગર જિલ્લાની આંગણવાડી કાર્યકર અને તેડાગરની જગ્યાઓ અંગે ઓનલાઈન ભરતી માટેની જાહેરાત સને.૨૦૨૩/૨૪.

આઈ.સી.ડી.એસ. શાખા, જીલ્લા પંચાયત, ભાવનગર હસ્તકના ઘટકોની આંગણવાડી કેન્દ્રોમાં આંગણવાડી કાર્યકર અને તેડાગરની માનદવેતનથી નિમણૂક કરવાની થતી હાલની ખાલી જગ્યાઓ તથા સંભવિત ખાલી જગ્યાઓની વિગત.

(અરજી માટે વેબસાઈટસ: https://e-hrms.gujarat.gov.in)

| તાલુકાની સંખ્યા | ઘટકની સંખ્યા | આંગણવાડી કાર્યકર | | | આંગણવાડી તેડાગર | | |
|---|---|---|---|---|---|---|---|
| | | હાલની ખાલી જગ્યા | સંભવિત ખાલી જગ્યા | કુલ | હાલની ખાલી જગ્યા | સંભવિત ખાલી જગ્યા | કુલ |
| ૧૦ | ૧૪ | ૧૧૪ | ૬ | ૧૨૦ | ૨૩૯ | ૧૪ | ૨૫૩ |

- મહિલા ઉમેદવાર જે તે આંગણવાડી કેન્દ્ર વિસ્તારની સ્થાનિક રહેવાસી હોવી જોઈએ તથા તે અંગે મામલતદારશ્રી દ્વારા ઈશ્યુ કરેલ જન સેવા કેન્દ્રનું નિયત નમુનાનું પ્રમાણપત્ર જ માન્ય રહેશે.
- અરજી કરવાની છેલ્લી તારીખને કટ-ઓફ-ડેટ ગણવામાં આવશે. અરજી કરવાની છેલ્લી તારીખે અરજદારની ઉંમર, શૈક્ષણિક લાયકાત અને અન્ય નિયત લાયકાત માટેના માપદંડ પૂર્ણ થયેલા હોવા જોઈએ.
- આંગણવાડી કાર્યકર અને તેડાગરની માનદસેવામાં પસંદગી માટે અરજી કરનાર મહિલા અરજદારની ઉંમર અરજી કરવાની છેલ્લી તારીખે ૧૮ વર્ષ પૂર્ણ હોવી જોઈએ અને ૩૩ વર્ષથી વધુ ન હોવી જોઈએ. અગ્રતા ધોરણે આંગણવાડી કાર્યકર તરીકે માનદસેવામાં પસંદગી માટે અરજી કરનાર તે જ આંગણવાડી કેન્દ્રના તેડાગરની ઉંમર અરજી કરવાની છેલ્લી તારીખે ૪૩ વર્ષથી વધુ ન હોવી જોઈએ.
- અરજી માટે વેબસાઈટ https://e-hrms.gujarat.gov.in ઉપર દર્શાવેલ સૂચનાઓ અને નિયમો વાંચીને અંગ્રેજીમાં ફોર્મ ભરવાનું રહેશે. ઓનલાઈન અરજી જાહેરાત પ્રસિદ્ધ થયાથી દિન-૨૩ માં તા.૦૭/૧૧/૨૦૨૩ રાત્રે ૦૦:૦૦ કલાક (તા.૦૮/૧૧/૨૦૨૩ થી શરૂ) થી તા.૩૦/૧૧/૨૦૨૩ રાત્રે ૧૨:૦૦ કલાક સુધીમાં કરવાની રહેશે.
- ઓનલાઈન અરજી https://e-hrms.gujarat.gov.in વેબસાઈટમાં આપેલ વિગતો પ્રમાણે કરી શકાશે. આંગણવાડીની ખાલી જગ્યાઓમાં અરજી કરવા માટે જે તે આંગણવાડી કેન્દ્રને પસંદ કરી આંગણવાડી કાર્યકર/તેડાગર માટે અરજી કરવાની રહેશે.
- આંગણવાડી કાર્યકર-૧૦૦૦૦/-, આંગણવાડી તેડાગર-૫૫૦૦/-ને મળતુ માનદવેતન પ્રમાણે માનદસેવામાં પસંદગી માટે સામાન્ય શરતો મુજબની લાયકાત, ઉંમર અને શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારોની ઓનલાઈન મેરીટ યાદી બનાવવામાં આવશે. આંગણવાડી કાર્યકરની લઘુતમ શૈક્ષણીક લાયકાત ધોરણ ૧૨ પાસ અને આંગણવાડી તેડાગરની લઘુતમ શૈક્ષણિક લાયકાત ધોરણ ૧૦ પાસ છે. જો કે વધુ લાયકાત ધરાવતાં ઉમેદવાર અરજી કરી શકશે. શૈક્ષણિક લાયકાત અને પ્રાપ્ત ગુણનાં ભારાંક અન્વયે મેરીટ યાદી તૈયાર થશે. ખાલી જગ્યા ભરવા માટે વિચારણા હેઠળના આંગણવાડી કેન્દ્રવાર ઓનલાઈન મેરીટ યાદી નિયત પદ્ધતિ અનુસરીને જાહેર કરવામાં આવશે.
- આ માટેની અરજી કરવાની પદ્ધતિ અને માર્ગદર્શિકા ઉપરોક્ત વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે. જે ધ્યાનપૂર્વક વાંચી તથા સમજીને ઓનલાઈન આવેદન કરવાનું રહેશે. ઓનલાઈન આવેદન કરતી વખતે તમામ વિગતો નિયમોનુસાર સાચી તથા અપલોડ કરવામાં આવતા ડોક્યુમેન્ટ નિયત ક્રમાનુસાર, સુવાચ્ય અને નિયત નમૂના અનુસારના હોવા જોઈશે. જો કોઈ પણ સ્તરે અરજદાર દ્વારા આપવામાં આવેલ વિગતો ખોટી અથવા અસ્પષ્ટ હશે તો તેઓની અરજી રદ કરવાને પાત્ર થશે અને આ અંગે કોઈ રજુઆત ધ્યાને લેવામાં આવશે નહીં જેની ખાસ નોંધ લેવી.
- વધુ માહિતી માટે ભાવનગર જિલ્લાનાં સંબંધિત તાલુકાના બાળ વિકાસ યોજના અધિકારી (આઈ.સી.ડી.એસ.), તાલુકા પંચાયત કચેરીનો સંપર્ક કરવો.

જિલ્લા વિકાસ અધિકારી
જિલ્લા પંચાયત, ભાવનગર